Sunday
07.07.2024
✳Volume :8 ✳ Issue No.347
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

વિશ્વાસથી વિકાસ યાત્રા

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

✳Managing Editor: Arjun Sondarva

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે મહાત્મા મંદિર- ગાંધીનગર ખાતે “સહકાર સે સમૃદ્ધિ” કાર્યક્રમ યોજાયો

સહકારિતા ક્ષેત્રને દેશના અર્થતંત્રનો સૌથી મજબૂત સ્તંભ બનાવી વિકસિત ભારતનું નિર્માણ કરીએ: કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

૧૦૨મા આંતરરાષ્ટ્રીય સહકારી દિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતનાં ગાંધીનગરમાં 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમને સંબોધન કર્યું

વર્તમાન સમયમાં સહકારની જરૂરિયાતને સમજીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧માં આ દિવસે સહકાર માટે સ્વતંત્ર મંત્રાલયની સ્થાપના કરી હતી.

આગામી પાંચ વર્ષમાં સહકારનો મજબૂત પાયો નંખાશે, જેથી આગામી ૧૨૫ વર્ષ સુધી દરેક ગામ અને ઘરને સહકારની અસર થાય

-: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ :-

- ★ ગુજરાતનો બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લો “કો-ઓપરેશન અમોન્ગ્સ કો-ઓપરેટીવ”નું શ્રેષ્ઠ ઉદાહરણ
- ★ સહકારી સંસ્થાઓ મકાઈની ટેકાના ભાવે ખરીદી કરશે અને તેમાંથી ઇથેનોલનું નિર્માણ થશે
- ★ વર્ષ ૨૦૨૯ સુધીમાં દેશની કોઇપણ પંચાયત દૂધ ડેરી અથવા પેક્સ વિનાની નહિ હોય
- ★ દિલ્હી ખાતે દેશના સૌપ્રથમ અમૂલ ઓર્ગેનિક સ્ટોરનું લોકર્પણ તેમજ “ભારત ઓર્ગેનિક આટા”નું લોન્ચિંગ કરાયું

પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વમાં કાશ્મીરમાં બે કાયદા, બે માથા ઉપર અને બે ઝંડા હોવાની દ્વંદ્વતા નો અંત આવ્યો અને ત્યાં તિરંગો ખૂબ જ ગર્વથી ઉડી રહ્યો છે

'ભારત' બ્રાન્ડ સ્ટેમ્પ હશે, વિશ્વની સૌથી આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને સખત પરીક્ષણ કર્યા પછી બહાર પાડવામાં આવશે

સહકાર મંત્રાલયે પીએસીએસને તેમની વ્યવહારિકતા વધારવા માટે બહુહેતુક બનાવી છે. આજે ૬૫,૦૦૦ પીએસીએસમાંથી ૪૮,૦૦૦ પીએસીએસએ તેના ગણોમાં નવી પ્રવૃત્તિઓ ઉમેરીને મજબૂત કરી છે

સહકારી મંડળીઓ વચ્ચે સહકાર', એટલે કે સહકારી મંડળીઓને સફળ બનાવવા માટે તમામ સહકારી મંડળીઓના સહયોગી લક્ષ્યને પ્રોત્સાહન આપવું જોઈએ,

-: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ :-

- ★ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશા-દર્શનમાં સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે સહકારિતા ક્ષેત્રે 'સૌના સાથ, સૌના વિકાસ'નો મંત્ર સાકાર કર્યો છે
- ★ ગુજરાતમાં સહકારી સંસ્થાઓ, મેડિકલ કોલેજથી લઈ વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડતરનાં સેવા કાર્યોમાં યોગદાન આપે છે
- ★ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી સહકારી ધોરણે વિકસાવવા ૪૦૦ ઉપરાંત પ્રાકૃતિક ખેતી સહકારી મંડળીઓ છે
- ★ વડાપ્રધાનશ્રીનું વિકસિત ભારતજ૨૦૪૭નું આહવાન સહકારી ક્ષેત્ર 'સહકાર સે સમૃદ્ધિ'ના મંત્ર સાથે ઝીલી લેશે

ડો.શ્યામાપ્રસાદ મુખર્જીની જન્મજયંતી છે, બંગાળ અને કાશ્મીર આજે ભારતનો હિસ્સો છે તો તેનું એકમાત્ર કારણ ડો.શ્યામાપ્રસાદ મુખર્જી

ડો.મુખર્જીએ આંદોલનની આગેવાની લીધી હતી કે એક દેશમાં બે કાયદા, બે માથા ઉપર અને બે ઝંડા કામ નહીં કરે

૨૦૨૯માં જ્યારે આંતરરાષ્ટ્રીય સહકારી દિવસની ઉજવણી કરવામાં આવશે, ત્યારે દેશની તમામ પંચાયતો પાસે તેમના પોતાના પીએસીએસ

મોદી સરકારે નેનો-યુરિયા અને નેનો-ડીએપીને સસ્તા કર્યા

કમલમ્ ન્યુઝ,

ગાંધીનગર ખાતે ૧૦૨મા આંતરરાષ્ટ્રીય સહકારિતાદિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય કક્ષાનો ''સહકાર સે સમૃદ્ધિ'' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રી શ્રીમુરલીધર મહોલ અને ગુજરાતનાસહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત દેશભરના સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સહકારિતા ક્ષેત્રને દેશના અર્થતંત્રનો સૌથી મજબૂત સ્તંભ બનાવી વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવામાટે આહ્વાનકરતા કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી શાહે કહ્યું હતું કે, સહકારિતા ક્ષેત્ર કરોડો ભારતીયોના જીવન સાથે જોડાયેલું ક્ષેત્ર છે, જે નાગરીકોના જીવનમાં મોટો બદલાવ લાવશે. કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રીએ ગુજરાત સરકારનાનિર્ણયને બિરદાવતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે ખેડૂતોને નેનો યુરીયાઅને નેનો ડીએપીની ખરીદીપર ૫૦ટકાની વિશેષ સહાય આપવા માટેનોમહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. પારંપરિક યુરિયાના સ્થાને નેનો યુરીયા અને નેનો ડીએપી પ્રવાહીનો ઉપયોગ કરવાથી યુરિયાનો વપરાશ ઘટશે, જેથીપાક અનેજમીનની ગુણવત્તા સાથે માનવ સ્વાસ્થ્યમાં પણ નોંધપાત્ર સુધારો આવશે. નેનો યુરિયાના ઉપયોગથી થતા વિવિધ ફાયદાઓ અંગે વિસ્તૃત વાત કરી તેમણે રાજ્યના દરેક ખેડૂતોનેનો યુરિયાનોઉપયોગ કરે તે માટે પ્રયત્નો કરવાઅનુરોધ કર્યોહતો. સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારિતાને પ્રોત્સાહન આપવાસહકારિતા ક્ષેત્રનોસંપૂર્ણ આર્થિક વ્યવહાર સહકારી ક્ષેત્રમાં જ કરવા કેન્દ્રીય મંત્રીશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો. તેમણે ગુજરાતના ૨ જિલ્લાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, ''કો-ઓપરેશન અમોન્ગ્સ કો-ઓપરેટીવ'' અંતર્ગત ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. માત્ર આ બે જિલ્લામાં જ રૂ. ૭૮૫ કરોડની ડીપોઝીટ વધારવામાં સફળતા મળી છે. આ બંને જિલ્લામાં મળીઝીરો ટકાવ્યાજે આશરે ૨૩,૦૦૦થી વધુ કિસાન ક્રેડીટ કાર્ડ તેમજ ૩.૮ લાખ RuPay ડેબીટ કાર્ડ ખેડૂત ભાઈઓ અને દૂધઉત્પાદન કરતી માતાઓને આપવામાંઆવ્યા છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે જૈવિક ઉત્પાદનોએટલે કે, ઓર્ગેનિક ફૂડને પ્રોત્સાહન આપવાનેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનીક્સ લીમીટેડની સ્થાપના કરી છે. આ સંસ્થાના માધ્યમથી ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને ઉત્પાદન સામે યોગ્ય ભાવ મળતા થયા છે. આજે નેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનીક્સ લી.(NCOL) દ્વારા પ્રથમવાર 'ભારત ઓર્ગેનિક આટા'નું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. હવે ભારત ઓર્ગેનિક અને અમૂલ જેવી બે વિશ્વસનીય બ્રાંડ છે, જે સાચા અર્થમાં ઓર્ગેનિક ફૂડને પ્રોત્સાહન આપે છે. આ બંને બ્રાન્ડના ફૂડ ૧૦૦ ટકા ઓર્ગેનિક છે તેની પુષ્ટિ વિશ્વની સૌથી આધુનિક તકનીકના માધ્યમથી કરવામાં આવી છે. અમૂલે પણ આજે દિલ્હી ખાતે દેશના સૌ પ્રથમ અમૂલ ઓર્ગેનિક સ્ટોરનો શુભારંભ કર્યો છે. આગામી સમયમાં અમૂલ દેશભરમાં વધુ ૧૦૦ અમૂલ ઓર્ગેનિક સ્ટોર શરૂ કરશે. શ્રી અમીતભાઈ શાહે જણાવ્યું હતું કે, ભારતદેશમાં સહકારિતા એ કોઈ નવો વિચાર નથી, આજથી ૧૨૫ વર્ષ પહેલા મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ગાડગીલજી, વૈકુંઠભાઈ મહેતા, ત્રિભોવનદાસ પટેલ જેવા અનેક મહાનુભાવોએ દેશમાં સહકારિતાની શરુઆત કરી હતી. પરંતુ એક સમય આવ્યો જ્યારે સહકારિતા અંદોલન મંદ પડી ગયું, ત્યારે આઝાદીના ૭૫ વર્ષ પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર પ્રવૃત્તિને ફરી વેગવાન બનાવવા અલાયદા સહકારિતા મંત્રાલયની શરૂઆત કરીને સહકારી આંદોલનને ફરી વેગ આપ્યો છે. આજે સહકારિતા અંદોલન ગ્રામીણ અને કૃષિ અર્થવ્યવસ્થા સહિત દેશમાં અનેક ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. સહકારી પ્રવૃત્તિઓને મહત્તમ સહયોગ આપીને ગુજરાત અને ભારતને વધુ આર્થિક સમૃદ્ધ બનાવવા શ્રી શાહે ઉપસ્થિત સહકારી આગેવાનો-સભાસદોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આજે નાફેડ, ઈફકો, અમૂલ, ક્રિભકો જેવી વિવિધ સહકારી સંસ્થાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ થઈ રહી છે, પણ તેનાથી સંતોષ કરવાની જરૂર નથી. આવતા પાંચ વર્ષમાં ભારત દેશમાં સહકારિતાનો એટલો મજબૂત પાયો નાખીએ કે, આવતા ૧૨૫ વર્ષ સુધી સહકારિતા દરેક ગામ અને ઘર સુધી પહોંચે. સરકારે સહકારિતાને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. સહકારિતા માધ્યમથી ભારત સરકારે મકાઈની ખેતી કરતા ખેડૂતોની સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મકાઈના ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળે તે માટે કો-ઓપરેટીવ સંસ્થાઓના માધ્યમથી મકાઈની સ્જીં એટલે કે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે અને તેમાંથી પેટ્રોલમાં મિશ્રણ માટે ઈથેનોલનું નિર્માણ કરવામાં આવશે સાથેજ ભારત સરકારે નાફેડ અને કન્ઝ્યુમર કો-ઓપરેટીવના માધ્યમથી મુખ્ય ચાર દાળની પણ ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે. શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી મોદીએ દેશના ૩૦ કરોડ ગરીબોને ગરીબીમાંથી બહાર લાવીને સહકારથી સમૃદ્ધિના નારાને સાચા અર્થમાં સાર્થક કર્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશના જરૂરીયાતમંદ નાગરિકોને આવાસ, પાણી, વીજળી, ગેસ, અનાજ સહિતની જીવન જરૂરિયાતની વસ્તુઓ આપી પગભર બનાવ્યા છે. આગામી સમયમાં સહકારિતાના માધ્યમથી નાગરિકોને વધુ સમૃદ્ધ બનાવવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. તેમણે જણાવ્યું હતું કે, અમૂલના માધ્યમથીઆશરે ૩૫ લાખ જેટલી બહેનો આજે માત્ર ૧૦૦ રૂપિયાના નજીવા રોકાણથી વાર્ષિક રૂ. ૭૦૦૦ કરોડનો વેપાર કરી રહી છે, જે સહકારિતાનું ઉત્તમ ઉદાહરણ છે. દેશમાં અંદાજે બે લાખ જેટલી પંચાયતો એવી છે, જે ગામોમાં દૂધ ડેરી અથવા પેક્સ નથી. ભારત સરકાર આગામી સમયમાં આ તમામ ગામો ખાતે મલ્ટીપર્પઝ પેક્સ તૈયાર કરશે. તેમણે ઉમેર્યું હતું કે, સહકારી કામમાંએક સૂત્રતા જળવાય તે હેતુથી પેક્સ માટે 'મોડેલ બાય લોઝ' તૈયાર કરવામાં આવ્યા છે. જેના માધ્યમથી ખેડૂતો, રેલવે ટિકિટ, પેટ્રોલ પંપ, સીએનજી પંપ જેવી અનેક નવી પ્રવૃત્તિઓ કરી શકે છે. આજે અંદાજે ૪૮,૦૦૦ જેટલા પેક્સ આ નવા આયામો સાથે જોડાયા છે. આ સિવાય રાષ્ટ્રીય કક્ષાએ ત્રણ નવીમલ્ટીસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટીતૈયાર કરીછે, તેની સાઈટ પર જઈને પેક્સ સાથેજોડાણ કરી શકાશે. નવીન બાય લોઝના પરિણામે વિવિધપ્રવૃત્તિઓ માટે કો-ઓપરેટીવ બેંકો સભાસદોને વિવિધલોન પણઆપી રહી છે. તેમણે નાબાર્ડ સહિત દેશભરની અન્ય રાજ્ય સહકારી બેંકોને અનુરોધ કર્યો હતો કે, જિલ્લા સહકારી બેંકો અને જિલ્લા દૂધઉત્પાદક સંઘોને સાથે રાખીને દરેક ડેરી, દરેકપેક્સ અનેદરેક સહકારી સંસ્થા તેમનું બેંક ખાતું જિલ્લા સહકારી બેંક અથવા રાજ્ય સહકારી બેંકોમાં ખોલાવીને તેમાં મહત્તમ નાણાકીય વ્યવહારો કરે. જેથી સહકારિતા ક્ષેત્ર મજબૂત થશે, બચત પણ વધશે અને સહકારી સંસ્થાઓનો આત્મવિશ્વાસ પણ વધશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના ત્રીજીવારના પ્રધાનમંત્રી પદતરીકેના કાર્યભારમાંવિકાસની ગતિ ત્રણ ગણી કરવાનો તેમનો સંકલ્પ છે. આ સંકલ્પમાંસૂર પુરાવતાં સહકારક્ષેત્ર પણ ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના દિશા-દર્શનમાં નવા કીર્તિમાન સ્થાપવા પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણી 'કો-ઓપરેટીવ બિલ્ડ એ બેટર ફ્યુચર ફોર ઓલ' ના ધ્યેય સાથે થઈ રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે તો સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સહકારી ક્ષેત્રે સર્વાંગી વિકાસની નવી દિશા દર્શાવી છે એમ પણ શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યુંહતું. મુખ્યમંત્રીશ્રીએ પાછલા એક દશકમાં સહકારિતા ક્ષેત્રની જે કાયાપલટ પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના દ્રષ્ટિવંત નેતૃત્વમાં થઈછે તેનીપણ છણાવટ કરી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશભરમાં પ્રાથમિક સહકારી મંડળીઓના આર્થિક સશક્તિકરણના તેમજ સહકારી ક્ષેત્રને અદ્યતન ટેકનોલોજીયુક્ત બનાવવાના અનેક આયામો સફળ થયા છે. ગ્રામ પંચાયત સ્તર સુધીપેક્સ અને સહકારી મંડળીઓ કાર્યરત થઈ છે. ૯૩ હજાર જેટલાપેક્સ કન્દ્રોનોડિજિટલ ટેકનોલોજી સાથે મલ્ટીપર્પસ સર્વિસ સેન્ટર તરીકે વિકાસ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં સહકારી ક્ષેત્રની વિશેષતાઓ જણાવતાં કહ્યું કે, ૮૩ હજારથી વધુ મંડળીઓના ૨ કરોડ ૩૦ લાખથી વધુ સભાસદો સહકારિતાથી 'સમાન હેતુ, સમાન હિત, સમાન ધ્યેય'ની ભાવનાથી કાર્યરત છે. રાજ્યમાંસહકારી સંસ્થાઓ હવે મેડિકલ કોલેજથી લઈને વિદ્યાર્થીઓના ભાવિ ઘડતર માટેના સેવા કાર્યોમાં યોગદાન આપે છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. પ્રાકૃતિક ખેતી સહકારી ધોરણે વિકસાવવા રાજ્યમાં ૪૦૦ ઉપરાંતજેટલી પ્રાકૃતિક ખેતીસહકારી મંડળીઓ ચાલે છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકસિત ભારતજ૨૦૪૭ માટેના આહવાનને સહકાર ક્ષેત્ર 'સહકારસે સમૃદ્ધિ'નો ધ્યેય પાર પાડીને ઝિલી લેશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો. તેમણે સહકારી પ્રવૃત્તિ અને સહકાર ક્ષેત્ર સાથે જોડાયેલા સૌને સહકારી ક્ષેત્રની વિકાસયાત્રાથી અમૃતકાળમાં વિકસિત ગુજરાત થી વિકસિતભારત બનાવવાપણ સહયોગી થવા અનુરોધ કર્યો હતો. આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસનીશુભકામના આપતાં સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગતિશીલ નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના સક્ષમ માર્ગદર્શન હેઠળ, સહકાર મંત્રાલયે ખૂબ જ ટૂંકા ગાળામાં સહકારી ક્ષેત્રમાં ૫૪ થી વધુ ઈનિશિયેટીવ લીધા છે. ગ્રામ્ય કક્ષાએ વિવિધ સેવાઓ પૂરી પાડવા માટે પેક્સને કોમન સર્વિસ સેન્ટર તરીકે કાર્યરત કરી છે. ગુજરાત રાજ્યની ૯૪૦૦ થી વધુ પેક્સ મંડળીઓમાં મોડલ બાયલોઝનું અમલીકરણ કરાયું છે. સહકારી સંસ્થાઓમાં તમામ બાબતો ઓનલાઈન અને પારદર્શકતા સાથે થાય તે હેતુથી રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં ૩૬૦૦ ગ્રામ પંચાયતોને પેક્સની સેવાઓથી આવરી લેવાઈ છે. ગુજરાતના આ બંને પનોતા પુત્રોએ સહકારિતાના ક્ષેત્રના વિકાસ માટે જે સ્વપ્ન જોયું છે, તેની પરિકલ્પનાને ગુજરાતમાંમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સાકાર કરવા રાજ્ય સરકાર સંપૂર્ણ સંકલ્પબદ્ધ છે. ઈફકો અને ગુજકોમાસોલ ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું હતું કે, સહકારિતા મંત્રાલયની સ્થાપનાને આજે ત્રણવર્ષ પૂર્ણ થયા છે. વર્ષ ૧૯૨૩ થી આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણીકરવામાં આવે છે. દર વર્ષે જુલાઈ મહિનાના પ્રથમ શનિવારે આંતરરાષ્ટ્રીયસહકાર દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે તેનું ૧૦૨મું સંસ્કરણ ઉજવાઈ રહ્યુંછે જેની થીમ ''કોપરેટીવબિલ્ટ અ બેટર ફ્યુચર ફોર ઓલ''રાખવામાંઆવીછે. ઈફકોએ નેનો યુરિયાનું ઉત્પાદન કર્યું છે જેને સમગ્ર વિશ્વનું ધ્યાન ખેચ્યું છે. નેનો યુરિયાના માધ્યમથી પ્રદૂષણ થતું અટકાવીશકાય છે તેમ પણ તેમણે વધુમાં જણાવ્યું હતું. સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે ભારતના દિલ્હીમાં અમૂલના પહેલા ઓર્ગેનિક સ્ટોરનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાંઆવ્યું હતું. આ ઉપરાંત સહકાર સાથે સંકળાયેલ ખેડૂતોને 'નેનોયુરિયા કીટ' પણ એનાયત કરી હતી તથા નેશનલ કો-ઓપરેટીવ ઓર્ગેનીક્સ લીમીટેડના ''ભારત ઓર્ગેનિક આટા''નું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. જ્યારે ગુજરાત અર્બન કોઓપરેટીવ બેંક ફેડરેશનના અધ્યક્ષશ્રી જ્યોતિન્દ્ર મહેતાએ આભાર વિધિ કરી હતી. આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસના અવસર પર ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, અમૂલના ચેરમેન શ્રીશામળભાઈ પટેલ, નાફેડના અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીર, ક્રિભકોના ચેરમેન ડો. ચંદ્રપાલ સિંઘયાદવ, ગુજરાતસ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજયભાઈ પટેલ, ગુજકોમાસોલના ઉપાધ્યક્ષ બિપીનભાઈ પટેલ, ખેતીબેંકના અધ્યક્ષ ડોલરભાઈ કોટેચા, રાજ્યસભાસાંસદ નરહરિભાઈ અમીન, રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન, ઈફકોના ડિરેક્ટર અને ધારાસભ્ય શ્રી જયેશભાઈ રાદડિયા સહિત દેશભરમાંથી આવેલા સહકારિતા સાથે સંકળાયેલા સૌ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

ખેડુતો માટે અસરકારક કૃષિ વ્યવસ્થાપન, કૃષિ ઉત્પાદનની અનિશ્ચિતતા તથા કૃષિ ખર્ચમાં ઘટાડો થાય અને ખેડુત પ્રાકૃતિક સામગ્રી દ્વારા જાતે જ પાક વૃધ્ધિ તરફ ઝોક દાખવે તે માટે રાજય સરકાર દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાનને વ્રવિધ યોજનાઓ અમલીબનાવી છે. પ્રાકૃતિક ખેતીથી ભૂમિની ભેજ સંગ્રહ શક્મતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાંવધારો, નહિવતઉત્પાદન ખર્ચ, પાણીની બચત સાથે પર્યાવરણ અને માનવીય સ્વાસ્થ્યનું રક્ષણ તથા સંવર્ધનની બાબતો સહિત કૃષિ યાત્રિકીકરણ જેવી બાબતોને પણ આ યોજના અન્વયે આવરી લેવામાં આવી છે. દેશી ગાય નિભાવ ખર્ચ સહાય યોજના અંતર્ગત ખેડુતો દેશી ગાય રાખે અને એ થકી પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવી ખેતી ખર્ચમાં ઘટાડો કરી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય તે હેતુથી દેશી ગાય આધારિતસંપૂર્ણ પ્રાકૃતિકખેતી કરવામાટે દેશીગાય નિભાવખર્ચ સહાય યોજના અમલમાંમૂકવામાં આવીછે. વાંકાનેરના ધર્મેશભાઈએ કહે છે કે, કૃષિ ક્ષેત્રે સુભાષ પાલેકર અને રાજય પાલના પ્રાકૃતિક કૃષિ માટેના પગલાઓ સરાહનીય છે. દરેક ખેડુતોએપ્રાકૃતિક કૃષિઅપનાવવી જોઈએ. પ્રાકૃતિક કૃષિમાં જીવામૃત બેડ છે અને તે ઝીરો કોસ્ટીંગ છે. જીવામૃત બનાવવા અને તેના ઉપયોગથી અનેક ફાયદાઓ થાય છે. છેલ્લા આઠ વર્ષથીપ્રાકૃતિક કૃષિકરું છુંત્યારે શરૂઆતમાંમારા માટે મુશ્કેલી હતી,મને એમ લાગતું હતું કે આ ખરેખર શકય છે ખરું? ઝેરમુક્ત ખાધાન્ન માટે પ્રાકૃતિક ખેતી સમયની માંગ છે. દેશી ગાયના છાણ, મૂત્ર સાથે કઠોળ અને ગોદાના સંમિશ્રણથકી જમીનનેઘણો ફાયદોથાય છે. વળીજીવામૃત વાપરવાથીખેડુતોના મિત્રઅળસિયાની ઉત્પતિમારા ખેતરમાંજોવા મળી છે. આ જીવામૃતના ઉપયોગના કારણથીમારા ખેતરની જમીનમાં ખાતર પહોચે છે. સુક્ષ્મ જીવો છોડ સુધી ખાતર પહોચાડી ખેતી માટે ઉપયોગી થઈ ફાયદાકારક કામ કરે છે. ધર્મેશભાઈ પટેલે કહ્યુહતુ કે, રાસાયણિક ખાતરના ઉપયોગથી આગલી પેઢીઓને નુકશાન થયું છે. પરંતુ હવે આગામી પેઢી માટે આપણે કંઈક કરી શકીએ તો ખૂબ ફાયદાકારકરે છે. પ્રાકૃતિક કૃષિ અન્યારના સમયની જરૂરિયાત છે.પ્રકૃતિ બચાવવા માટે પ્રાકૃતિક કૃષિ ભવિષ્યમાં સારા દિવસો આવે તે માટે પ્રાકૃતિક કૃષિ કરવી જ પડશે અને કેન્સર જેવા મહારોગો સામે લડત આપવા પ્રાકૃતિક કૃષિ વધુ સારીભૂમિકા ભજવશે. પટેલે વધુમા જણાવ્યુહતુ કે, પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવવાથી ખેતી ખર્ચમાં ઘટાડો થવા સાથે જ મીન ની ફળદ્રુપતામાં વધારો થાય છે. મે મારાથી બનતા તમામ નાના-મોટા ખેડુતોને પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવવા ભલામણ અને માર્ગદર્શન આપી માહિતેગાર કર્યા છે. યુરિયા અને સલ્ફેટ સહિતના ખર્ચમાં ઘટતા ખેતી ખર્ચ ઘટે છે, લાંબાગાળે ઉત્પાદન વધે છે. સારું ઉત્પાદન મેળવી શકાય છે. સારું ઉત્પાદન મેળવી પોતાના પૈસા પોતાના ખિસ્સામાં રાખે તેવું થઈ શકે છે. આમ, પ્રાકૃતિક કૃષિ કરવાથી ખેતી ખર્ચના નાણાનીબચત થાય તે મોટોફાયદો છે. ખેડુતોની આવક બમણીકરવાનો કેન્દ્ર અને રાજય સરકારનો ઉદ્દેશ સાકાર થશેઅને પ્રાકૃતિક કૃષિ કરતા ગાય આધારિતખેતીને પ્રોત્સાહન મળતા ગાયની સેવા કરવાનીતક પણ મળશે. પ્રાકૃતિક કૃષિ થકી ખેતી, ખેડુત, ગામ, તાલુકા, જિલ્લા , રાજય અને દેશસમૃધ્ધથશે.જંતુનાશક દવાઅને રાસાયણિક ખાતરયુકત ખેતીને બદલે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ કરવીઆવશ્યક છે.

સીઆરપીએફ જવાન મુકેશકુમાર ગામીતે દેશનું સન્માન વધાર્યું : તાળીઓના ગડગડાટથી ગૂંજ્યુ રાષ્ટ્રપતિ ભવન

ભારત માતાના જાબાંઝ સપૂત મુકેશ ગામીતને માન. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુના હસ્તે શૌર્યચક્ર પુરસ્કાર

કમલમ્ ન્યુઝ,

નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતેતા. ૫જુલાઈ, ૨૦૨૪ ના રોજ સાંજે ૫:૦૦ કલાકે યોજાયેલા સન્માન સમારોહમાં ભારત દેશના માન. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુના હસ્તે તાપી જિલ્લાના વ્યારા તાલુકાના ચાંપાવાડીના શ્રી મુકેશકુમાર ગામીતને શૌર્યચક્ર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. શૌર્યચક્ર પુરસ્કાર પ્રાપ્ત કરતાની સાથે રાષ્ટ્રપતિ ભવન તાળીઓના ગડગડાટથી ગૂંજી ઉઠ્યું હતું. વીરતા, શૌર્ય અને પરાક્રમનો પરિચય આપતા ૯૧ સીઆરપીએફના કોન્સ્ટેબલ શ્રી મુકેશ ગામીતે માધ્યમો સાથેના સંવાદમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૨૧ માં મને ક્વિક એક્શન ટીમમાં સામેલ કરવામાંઆવ્યો હતો. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ શ્રીનગર (૬૨બાગ) ખાતે સર્ચ ઓપરેશનમાં મકાનમાં છુપાયેલા એક આતંકવાદી દ્વારા થઈ રહેલા અંધાધૂંધ ફાયરિંગદરમિયાન અમે જવાબી કાર્યવાહી કરી રહ્યા હતા. આતંકવાદીના નજીક પહોંચતા પોતાના સાથી જવાનને ગોળીબારીથી બચાવવા આતંકવાદીના રાયફલનું બેરલ ઉપરની તરફ કરીને તેનો સામનો કર્યોહતો. આતંકવાદીએઅંધાધૂંધ ગ્રેનેડફેંકીને ઘરનીખીડકીથીબહાર ભાગ્યો જેનો પીછો કરીને તેને ઠાર કર્યોહતો. અસાધારણ વીરતા માટે સન્માનિય રાષ્ટ્રપતિશ્રીમતીદ્રોપદી મુર્મુના હસ્તે શૌર્યચક્ર પુરસ્કારથી સન્માનિત થયેલા શ્રી ગામીત ૭૭ કેટેગરીના આતંકવાદીને ઠાર કર્યા હતો. મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા સમયાંતરે આતંકવાદી સંગઠનો અને આતંકવાદીઓની લીસ્ટને અપડેટ કરીને આ કેટેગરી નક્કી કરવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે, શ્રી ગામીતને ક્વિક એક્શન ટીમમાં સામેલ કરાયો હતો. આ ટુકડીમાં સામેલ જવાનોને શારીરિક અને માનસિક રીતેમજબુત બનાવવામાટે વિશેષ તાલીમ આપવામાં આવે છે. આતંકવાદી ગતિવિધિઓપ્ર નજર રાખવાની સાથે યુદ્ધભૂમિમા પોતાનીવ્યુહાત્મક કુશળતાની સાથે હુમલાની પરિસ્થિતિમા આતંકવાદીઓ સાથે લડવા માટે સક્ષમ બનાવે છે. રાષ્ટ્રપતિશ્રીના હસ્તેશૌર્યચક્ર પુરસ્કાર પ્રાપ્ત કરનાર તાપી જિલ્લાના શ્રી મુકેશ ગામીત તાપી જિલ્લાની સિદ્ધીઓમાં ઉમેરો કર્યો છે. આદિ વાસી સમાજ ના ગૌરવ અંવા શ્રી મુકેશ ગામીત હવે દેશનું ગૌરવ છે. જે તાપી જિલ્લા સહિત દેશના નવયુવાનો માટે પણ પ્રેરણારૂપ બન્યા છે. તાપી જિલ્લા વહીવટી તંત્ર સહિત ગ્રામજનોએ શૌર્યચક્ર પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ શ્રી મુકેશકુમાર ગામીતને ખુબ ખુબ શુભકામનાઓપાઠવી હતી.

સુબીર ખાતે શ્રી ગોવિંદ ગુરુ સુવિધા સંકુલમાં પુસ્તકાલયનો પ્રારંભ

કમલમ્ ન્યુઝ,

ડાંગ જિલ્લાના સુબીર જેવા છેવાડા ના વિસ્તારમાંથી આપણા વિદ્યાર્થી બંધુ તથા ભગીનીઓને પોતાના કારકિર્દીના ઘડતરમાં માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુથી ડો. હેડગેવાર સ્મૃતિ સેવા ટ્રસ્ટ દ્વારા શ્રી ગોવિંદ ગુરુ સુવિધા સંકુલનું આજે ઉદ્ઘાટન કરવામાં આવ્યું. એમાં સુબીર આસપાસના ૩૧ જે તે ગ્રામોના વિદ્યાર્થીઓ અને સમાજના આગણીઓ હાજર રહ્યા હતા. આ સંકુલમાં નિઃશુલ્ક પુસ્તકાલય ની સુવિધા, કારકિર્દી માર્ગદર્શન તથા સહાયતા કેન્દ્રનો સમાવેશ થાય છે. આ સુવિધા કેન્દ્રના માધ્યમથી સુબીર વિસ્તારના સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો અને યુવતીઓને વિવિધપુસ્તકો ઉપરાંત શાંત વાતાવરણમાં બેસીને તૈયારી કરવા મળશે. શ્રી ગોવિંદ ગુરુ સુવિધા સંકુલનો ઉદ્દેશ જનજાતિ વિસ્તારમાથી વિદ્યાર્થીઓ વર્ગ ૧-૨-૩ ની વિવિધ પરીક્ષાઓમા સફળતા મેળવી પોતાનું તથા પરિવારનું જીવન ધોરણ ઉંચુ લાવે તેવો રહેશે. સુબીર વિસ્તારમાં સ્પર્ધાત્મક તૈયારીકરતા વિદ્યાર્થીઓ માટે પુસ્તકાલય ની બીજી કોઈ સુવિધા ન હોવાથી આ પુસ્તકાલય બધાને મદદરૂપ બનશે. આ કાર્યક્રમ દિપ પ્રાગટ્ય કરી શ્રીફળ વધાવી પુસ્તકાલયવિદ્યાર્થીઓ માટે ખુલુ મુકવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી ગુજવંતભાઈ ઢિમ્મર, સામાજીક આગણી છબીલદાસજી વ્યવહારે કાર્યક્રમઅંગે માર્ગદર્શનઆપ્યું, શ્રી ગોવિંદગુરુ સુવિધા સંકુલસુબીર એ શબરીધામમંજુતા રોડપર અંદાજિત એક કિલોમીટર પર આવેલ છે.

કચ્છ જિલ્લા ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખરજીને ઋણાંજલી અર્પણ કરાઈ

શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિન સપ્તાહ અંતર્ગત જિલ્લાના તમામ ૧૭ મંડલો ખાતે વિચાર ગોષ્ઠી કાર્યક્રમો યોજાયા

કમલમ્ ન્યુઝ,

ભારતીય જનસંઘના સ્થાપક અને કાશ્મીર મુદ્દા માટે ભારતની એકતા અને અખંડિતતા કાયમ રાખવા માટે પોતાના પ્રાણોનું બલિદાન આપનાર ડોકટર શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મદિન નિમિત્તે આજરોજ કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદની આગેવાનીમાં જુના ભાજપ કાર્યાલય પાસે આવેલી તેમની પ્રતિમાને હારારોપણ કરીને ઋણાંજલી અર્પણ કરવામાં આવી હતી. આ તબક્કે જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈવરચંદે જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીની વિચારધારામાંથેકર શ્યામપ્રસાદ મુખર્જીની રાષ્ટ્રીયતાની ભાવના ભારોભાર છલકાય છે.

એમણે કંડારેલી કેડી પર ચાલીને દેશની આન બાન શાન અને સાર્વભૌમત્વના જતન માટે ભાજપનો પ્રત્યેક કાર્યકર્તા સદૈવ કૃતનિશ્ચયી રહેશે. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઇ પ્રજાપતિ, જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષા પધાબા ભાઈ સંજોટ, પૂર્વધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, જિલ્લાભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ માવજીભાઈ ગુંસાઈ, જિલ્લાભાજપ અનુસૂચિત મોરચાના પ્રમુખ અશોકભાઈ હાથી, જિલ્લા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ ગોદાવરીબેન ઠક્કર, ભુજ શહેર ભાજપ અધ્યક્ષ બાલકૃષ્ણભાઈ મોતા, ભુજ નગરપાલિકા ના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ ઠક્કર, સત્તાપક્ષના નેતા કમલભાઈ ગઢવી, દંડક રાજેશભાઈ ગોર સહિતના આગેવાનો અનેકાર્યકર્તાઓ જોડાયા હતા. ડો. શ્યામાપ્રસાદ મુખર્જીના જન્મ જયંતિ સપ્તાહ અંતર્ગત પ્રદેશ ભાજપની માર્ગદર્શિકાપ્રમાણે કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લાના તમામ ૧૭ મંડલો ખાતે વરિષ્ઠ આગેવાનો અથવા પ્રભુદ્ધ વકતાશ્રીઓના ઉદબોધન સાથે વિશિષ્ટ વિચાર ગોષ્ઠી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ કાર્યક્રમો પૈકી ભુજ તાલુકા ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડા, ગાંધીધામ શહેર અને મુન્દ્રા શહેર ખાતે જિલ્લા ભાજપ અધ્યક્ષા દેવજીભાઈ વરચંદ, અબડાસા તાલુકા ખાતે ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, ભુજ શહેર ખાતે માંડવી ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, માંડવીશહેરમાં પૂર્વ મહામંત્રી જય સુખભાઈ પટેલ, લખપત મંડલમાં કિસાનમોરચા ઉપ-પ્રમુખ આણદ ભાઈ માતા, નખત્રાણા ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રભાઇ પ્રજાપતિ, ગાંધીધામ તાલુકા, રાપર તાલુકા અને રાપર શહેર ખાતે જિલ્લા ભાજપ મંત્રી વિકાસભાઈ રાજગોર, અંજાર શહેર ખાતે જિલ્લા પંચાયત પૂર્વ અધ્યક્ષા પારૂલબેન કારા, ભચાઉ તાલુકા ખાતેભચાઉ શહેર ભાજપ પ્રભારી મમાયાભાગઢવી, ભચાઉ શહેર ખાતે અંજાર ધારાસભ્ય વીકમભાઈ છાંગા, માંડવી તાલુકા ખાતે ભુજ શહેર ભાજપ પ્રભારી માણેકભાઈ ગીલવા, મુન્દ્રા તાલુકા ખાતે પૂર્વ ધારાસભ્ય પંકજ ભાઈ મહેતા, અંજાર તાલુકા ખાતે ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ વિચાર ગોષ્ઠી કાર્યક્રમના મુખ્ય વક્તાતરીકે પ્રેરક ઉદબોધન કર્યું હતું.

પ્રદેશ ભાજપ મહામંત્રી અને કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા આ પ્રસંગે જણાવ્યું હતું કે શ્યામાપ્રસાદ મુખર્જીના જીવનની એક એક ક્ષણ આપણા માટે પ્રેરણાદાયીછે. ભારતવર્ષની એકતા માટેતમણે આપેલા બલિદાનને આ દેશ ક્યારેય નહીં ભૂલી શકે. ભાજપની પ્રવર્તમાન નવી પેઢીને તેમના જીવન કવન અનેચરિત્ર વિશે માહિતગાર કરવા માટેઆ પ્રકારના વિચારગોષ્ઠી જેવાપ્રકારક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવીરહ્યું છે. પ્રત્યેક મંડલના કાર્યક્રમમાં જે તે મંડલ પ્રમુખ અને મહામંત્રીઓ સહીત સર્વે મોરચાના આગેવાનો અને કાર્યકર્તાઓબહોળી સંખ્યામાં ઉપસ્થિતરહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

મહુવા તલુકાના અનાવલ ગામ ખાતે આવેલું પ્રાચીન તડકેશ્વર મહાદેવ અને ત્રિવેણી સંગમનું મહાત્મ્ય

કમલમ્ ન્યુઝ,

મહુવા તાલુકા અનાવલ ત્રિવેણી સંગમ પાસે આવેલું તડકેશ્વર મહાદેવ ત્રંતાયુગથી સ્વયંભૂ શિવલિંગ બિરાજમાન છે. રામાયણ કાળ સમયનું આજૂબાજૂનાંસ્થાપિત સર્વશિવલિંગ થીખૂબ મોટું એવું મહાલિંગ અહીંઆવેલ છે. સનાતન આક્રમણસંસ્થાપક સ્વામીશ્રી મનોહરાનંદજી મહારાજ સોપ્રથમ આ વિસ્તારમાં પધાર્યા ત્યારે એમણે પોતાની યોગસાધનાના બળથી ધ્યાનસ્થ થઈ જોયું કે અહીં બિરાજમાન સ્વયંભૂ શિવલિંગઅભુ રામચંદ્રજી અને સીતાજીએ પોતાના વનવાસકાળદરમ્યાન અહીંથી પસાર થયા અને આ સ્થળકે જ્યાં ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ છે, ત્યાંસ્વયંભૂ શિવલિંગનું પ્રાગટ્યથયું અનેતનું સોપ્રથમપૂજન શ્રીરામ અને સીતાજીએ કર્યું. એવું ત્રેતાયુગનું આ ચમત્કારી સ્વયંભૂ શિવલિંગ પ્રતિષ્ઠિત થયું. આ બાબતનોઉલ્લેખ સ્વામીજીમનોહરાનંદજીએ પોતાની જીવનયાત્રા પુસ્તકનું લોકાર્પણ કર્યું એમાંજાણવા મળેલ છે. બીજું કે આ શિવલિંગનું મૂળ નામમનોકામનેશ્વર મહાદેવછે. પણ મંદિરની વ્યવસ્થા નહોતીમહાદેવ ખુલ્લીજગ્યામાં જ બિરાજમાન હતાએટલે લોકબોલીમાં મહાદેવજીને તડકામાંબિરાજમાન જોયાએટલે લોકોએતડકેશ્વર મહાદેવ ગણીને પુજવા લાગ્યાં. પણ મૂળ આ સ્વયંભૂ શિવલિંગ "મનોકામેશ્વર મહાદેવ" છે. અહીંત્રિવેણીસંગમ એટલેકે કાવેરી નદી, કારવેરા નદી અને ગુપ્ત સરસ્વતી નદીનોસંગમ થયા છે. મહત્વની વાત એછે કે સંગમ ત્રી નદી અને પરૂષ નદીનું થાય છે, જે ત્રિવેણી સંગમ તીર્થ તરીકે ઓળખાય છે. બીજું કે યોમાસાની ઋતુમાં જ્યારે નદીઓમાં પાણી આવે ત્યારે જે નદીનું પાણી સોપ્રથમ આવે તે પાણી અહીં આવીને અટકી જાય છે અને જ્યારે બીજી નદીનું પાણી આવીજાય પછી નદીઓનો સંગમ થાય પછી જ નદીનું પાણી આગળ વધે. આ દ્રશ્યોનો સ્થાનિક શ્રદ્ધાળુઓ વર્ષોથી પ્રત્યક્ષ અનુભવ કરી ધન્યતા અનુભવેછે. એવુંઆ પ્રાચીન તીર્થનું મહાત્મ્ય છે.

કમલમ્ ન્યુઝ,

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈમોદીજી ના આહવાન થીભારતને હરિયાળુંકરવાના સંકલ્પ સાથે રુદ્રદાર પટેલ યુનિવર્સિટીઅને સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ ના સંયુક્ત ઉપક્રમે આયોજનવૃક્ષા રોપણ કાર્યક્રમ સરદાર પટેલ યુનિવર્સિટી સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે યોજવામા આવ્યો હતો.આ કાર્યક્રમમાંસાંસદશ્રી મિતેષભાઈ પટેલ?, સરદાર પટેલયુનિવર્સિટીનાં ડાઈસચાન્સેલર શ્રીનિરંજનભાઈ પટેલ, સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ ના મધ્ય ઝોન સંયોજક શ્રી હિરેનભાઈ બ્રહ્મભટ્ટ, જીલ્લા સંગઠનના મહામંત્રીશ્રી જગતભાઈ પટેલ, પૂર્વ મહામંત્રીશ્રી નિરવભાઈ અમીન, જીલ્લાયુવા મોરચાના પ્રમુખશ્રી પથિકભાઈ પટેલ, જીલ્લાયુવા બોર્ડના સંયોજક શ્રી મહુલભાઈ ભાવસાર, આણંદ શહેર પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલ, મહામંત્રી શ્રી સ્વપ્નિલભાઈ પટેલ, યુનિવર્સિટીના રજીસ્ટાર શ્રીભાઈલાલભાઈ પટેલ, આણંદ શહેર યુવા બોર્ડના સંયોજકશ્રી સોહીનભાઈ પટેલ, શ્રી નિકેશભાઈ પરમાર, શ્રી કિર્તનભાઈ પટેલ, યુનિવર્સિટીના ડેપ્યુટી રજીસ્ટાર શ્રી જાગૃતિબેન, યુનિવર્સિટીનાં પ્રાધ્યાપકશ્રીઓ, અધિકારીશ્રીઓ, યુવા બોર્ડ નાં વિવિધ મંડળો નાં સંયોજકશ્રીઓ, ડિપાર્ટમેન્ટ નાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત દરેકનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાંઆવ્યું હતું.

કમલમ્ ન્યુઝ,

અષાઢી બીજના દિવસે ભગવાન જગન્નાથની રથયાત્રાનીકળે છે. જે પૂર્વે ભગવાનનું મામેરું ભરવામાંઆવે છે. જે અંતર્ગત પેટલાદ તાલુકાના સુંદરણા ગામના શ્રીદિલીપભાઈ જશભાઈ પટેલના પરિવાર દ્વારા આજ રોજ ભગવાનનું મામેરું ભરવામાં આવ્યુ આપ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલેહાજરી આપી. આ સાથેપેટલાદના ધારાસભ્ય શ્રી કમલેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાંભકતજનો ઉપસ્થિત રહ્યા

અટારી વાઘા બોર્ડર પર બ્રહ્માકુમારીઝ દ્વારા અને વ્યસન મુકિત માટે અદભુત પ્રદર્શન યોજાયું

પાકિસ્તાન બોર્ડર પર ૨૦ હજાર ભારતીયોએ નશામુકત જીવન માટે સંગઠિત સંકલ્પ લીધા

કમલમ્ ન્યુઝ,

વર્તમાન સમયે સમાજમાં અનેક પ્રકારના વ્યસનો દ્વારા અનેક કુટુંબો બરબાદી તરફ ધકેલાઈ રહ્યા છે તેમાં યુવા વર્ગનો મોટો વર્ગ પોતાની નવનિર્મિતશક્તિઓને ક્ષણ કરી રહેલ છે ત્યારે શ્રેષ્ઠ સમાજ રચના માટે કાર્યરત વૈશ્વિક સંસ્થા બ્રહ્માકુમારીઝની બહેનોએ અટારી સ્થિતવાઘા બોર્ડરે શાંતિ સદભાવ માટે વ્યસનમુકત નશામુકતજીવન માટે એક અદભુતરેલી નાટક પ્રદર્શન નુંઆયોજન કર્યું. બ્રહ્માકુમારીઝ મીડિયા સંયોજક શશીકાંત ત્રિવેદીના જણાવ્યાનુસાર સંસ્થા દ્વારાદેશભરમાં નશામુકત ભારત અભિયાનચાલુ છે જેને ઉપલક્ષે અમૃતસર સેવાકેન્દ્ર દ્વારા અટારી વાઘાબોર્ડર પર અદભુતભારત માતાની પુકાર નૃત્ય નાટિકા દ્વારા ઉપસ્થિત ૨૦હજાર ભારતીય પર્યટકોને નશામુકત બની ભારતીય સંસ્કૃતિની પુનઃ સ્થાપના માટે શ્રેષ્ઠ સમાજ નવનિર્માણ માટે ઈશ્વરીય જ્ઞાન રજયોગાઅને ભારતીય પરંપરા ને જીવનમાં સ્થાન આપવા બ્રહ્માકુમારીઝના વિશાળબહેનોના સંગઠન દ્વારા સંગઠિત સંકલ્પ લેવડાવવામાંઆવ્યો અને નાટક સંવાદના માધ્યમથી નશામુકત બનવાની પ્રેરણા આપવામા આવેલ જેમાં સેના બોર્ડરના જવાનો સહિત હજારો ભારતીય પર્યટકોએ ભારત માતાની જય નો બુલંદ અવાજમાં નારા લગાવેલ તથા દેશની શાંતિ સદભાવ અખંડિતતા માટે એકતા નો સંકલ્પ કરેલ.

કમલમ્ ન્યુઝ,

મહાન રાષ્ટ્રભક્ત, પ્રખરશિક્ષણશાસ્ત્રી અને ભારતીય જનસંઘના સંસ્થાપક શ્રદ્ધેય ડો. શ્યામા પ્રસાદ મુખર્જીની જયંતી નિમિતે આણંદ શહેરમાં આવેલ તેમની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી સાંસદશ્રી મિતેષભાઈ પટેલે શ્રદ્ધાંજલિ પાઠવી. આ પ્રસંગે જિલ્લા મહામંત્રીશ્રી જગતભાઈ પટેલ, શ્રી સુનિલભાઈ શાહ, નગરપાલિકા પ્રમુખશ્રી જીજ્ઞેશભાઈપટેલ, શહેરસંગઠન પ્રમુખ શ્રી મયુર ભાઈપટેલ, મહામંત્રીશ્રી સ્વપ્નિલભાઈ પટેલ, શ્રી અમિતભાઈ ઠાકોર સહિત કાઉન્સેલરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

આણંદ તાલુકા પ્રાથમિક શિક્ષક ગ્રાહક અને ધિરાણ સહકારી મંડળીની ૨ વીવાર્ષિક સાધારણ સભા આણંદ લાયન્સ હોલ ખાતે યોજાઈ આ પ્રસંગે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, જિલ્લા પંચાય ત પ્રમુખ શ્રી હસમુખભાઈ પટેલ, જિલ્લા પંચાય ત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી સુનિલભાઈ સોલંકી, સહિત શિક્ષણ વિભાગના અધિકારીગણ સહિત શિક્ષકમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં પ્રો પિપલ-પ્રો એક્ટિવ ગવર્નન્સનું પ્રેરક દ્રષ્ટાંત પૂરું પાડ્યું ગુજરાતનું પ્રશાસનિક તંત્ર

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે અંતરિયાળ વિસ્તારોમાંવસતા લોકો સુધી પાયાની અને નાગરિકલક્ષી સેવા સુવિધાનું વિતરણ સુનિશ્ચિત કરવા ''લોકો માટે, લોકો સાથે, લોકો વચ્ચે...'' સરકારનો નવતર અભિગમ રાજ્ય શાસનના અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રી પ્રેરિત આ પ્રો પિપલ - પ્રો એકટીવ ગર્વાન્સના પ્રેરકદ્રષ્ટાંતમાંરાજ્યના તમામ જિલ્લાઓમાંકલેક્ટરો અને જિલ્લા વિકાસઅધિકારીઓતેમના જિલ્લામાં આવેલા કોઈ એક તાલુકાના એક ગામની આકસ્મિક મુલાકાત લઈને લોકોને મળતી સેવાઓ-સુવિધાઓ સુપેરે મળે છે કે કેમ તે સુનિશ્ચિત કરે છે. આ નવતર જન હિતકારી અભિગમ અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અનુસાર દાહોદથી દ્વારકા અને અંબાજીથી આહવા એમ સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓના એક એક ગામોની ઓચિંતી સ્થળ મુલાકાત માટે જિલ્લાના વહીવટી વડા કલેક્ટર અને ડીડીઓને સૂચના આપવામાં આવી હતી. તદઅનુસાર શનિવાર ૬ જુલાઈએ સવારથી જ અધિકારીઓ પોતાના જિલ્લાના એક એક તાલુકાના ગામોની મુલાકાતે પહોંચ્યા હતા અને તે ગામમાં આરોગ્ય સુવિધા, શિક્ષણની સગવડો, આંગણવાડી કેન્દ્રતેમજ સરકાર માન્ય વ્યાજબી ભાવની દુકાનો પરથી અનાજ વિતરણ, મધ્યાહન ભોજન, દૂધ સંજીવની યોજના, ભારતનેટ કનેક્શન અને બેંકિંગ સેવાઓ સહિતની પાયાની સુવિધા યોગ્ય રીતે ઉપલબ્ધછે કેકેમ, કોઈત્રુટી કે સુવિધા ઉણપ જેવી બાબતનું તલસ્પર્શી સમીક્ષા હાથ ધરી સાચું ચિત્ર મેળવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી સ્પષ્ટપણે માને છે કે જ્યાં સુધી કોઈ પણ બાબતને સમગ્રતયા જોવામાં ન આવે ત્યાં સુધી આવી બાબતો, નાની-મોટી કે એકલદોકલ છૂટી છવાઈજ નજરે પડી હોય છે. આ હેતુસર મુખ્યમંત્રીશ્રીએ નવતર પ્રશાસનિક અભિગમ અપનાવીને સરકારની વિવિધ યોજનાઓનું ફિલ્ડ અધિકારીઓદ્વારા લોકો સુધી જે અમલીકરણ કરવામાંઆવે છે, તેની સમીક્ષા અને આકસ્મિક નિરીક્ષણનું પીપલ સેન્ટ્રીક વલણ દાખવ્યું છે. રાજ્યના વહીવટી વડા મુખ્ય સચિવ શ્રી રાજકુમારના માર્ગદર્શનમાં આ માટે જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓને નિયત ચેક લિસ્ટ ફોર્મ આપીને તેમાં સમીક્ષા-નિરીક્ષણના અવલોકનો ભરવા જણાવવામાંઆવેલુંહતું. આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ, દવાઓનો જથ્થો, ડોક્ટર્સ, સ્ટાફ નર્સવગેરેની વિગતો, શાળા સંકુલની આનુસંગિક બાબતો, સ્માર્ટ ક્લાસ, હાજરીની નિયમિતતા ઉપરાંત આંગણવાડીની મળવા માળખાકીય સુવિધા અને પંડિતદિન દયાળઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી અપાતા અંત્યોદય તથા અન્ય યોજનાઓના અનાજ સહિત ગ્રામીણ બેંકિંગ સુવિધા બાબતે પણ આ ચેક લિસ્ટ ફોર્મમાં વિસ્તૃત વિગતો એકત્રિત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી વિડિયો કોન્ફરન્સ દ્વારા વિવિધ જિલ્લાના ગામોમાં સેવા સુવિધાઓના સ્થળ નિરીક્ષણ માટે ગયેલા જિલ્લા અધિકારીઓ સાથે વાતચીત કરીને તેમના પ્રતિભાવો મેળવ્યા હતા. એટલું જ નહીં સ્થળપર ઉપસ્થિત ગ્રામજનો સાથે પણ સહજ સંવાદ કરીને સરકારની યોજનાઓ સુવિધાઓ તેમને સુપેરે પહોંચીરહી છે કે કેમ તેની પૂછપરછ પણ કરીહતી. તેમણે જિલ્લા તંત્રવાહકોને આ સંદર્ભમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. મુખ્ય સચિવશ્રી રાજકુમારે ખેડા, ડાંગ, દેવભૂમિ દ્વારકા, નર્મદા, છોટા ઉદેપુર, કચ્છ, ગીર-સોમનાથ, પાટણ, વડોદરા જિલ્લાઓના કલેક્ટર-ડી.ડી.ઓ. સાથે વાતચીત કરીને તેમની ફિલ્ડ વિઝિટ દરમિયાનની કામગીરી નિરીક્ષણની વિગતો મેળવી હતી. તેમણે સ્પષ્ટ દિશાનિર્દેશ આપ્યો કે આવનારા દિવસોમાંઆ કાર્યક્રમને યથાવત રાખીને તેમના જિલ્લાઓના તાલુકા અને ગ્રામ્ય કક્ષાએથી પણ લોકો વચ્ચે જઈને અધિકારીઓ ફીડબેક મેળવે અને રાજ્ય સરકારની યોજનાઓનો લાભ સુપેરે પહોંચાડે તેમાટેનું નેતૃત્વ જિલ્લા તંત્રના વડા તરીકે કલેકટર્સ—ડી.ડી.ઓ. કરે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ પોતે પણ જ્યારે જિલ્લાઓની મુલાકાતે જતાં હોય છે, ત્યારે કચેરીઓની ઓચિંતી મુલાકાત લઈને કચેરીઓની કામગીરી અંગે પ્રજાજનોને સંતોષ છે કે કેમ, કોઈ દુવિધા તો નથી, તે બાબતોની જાણકારી પ્રજાવર્ગો સાથે વાતચીત કરીને મેળવતા રહે છે. સંવેદનશીલ અને મક્કમ નિર્ણયકર્તા તરીકે રાજ્યના સમગ્ર વહીવટી તંત્રને વધુને વધુ લોકોભિમુખ બનાવવાનો એક નવતર પ્રયોગ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા કલેકટર-જિલ્લા વિકાસ અધિકારીઓને ગામોની આકસ્મિક નિરીક્ષણ મુલાકાતે મોકલીનેહાથ ધર્યોછે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે આ વિડિયો કોન્ફરન્સ સમીક્ષામાં મુખ્ય સચિવશ્રી રાજકુમાર તેમ જ સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવશ્રીઓ પણ જોડાયા હતા અને પોતાના વિભાગો-સંબંધિત સેવા-સુવિધા અંગે જરૂરી માહિતી પૂરી પાડી હતી.

એસ્પિરેશનલ બ્લોક નિઝર અને કુકરમુંડાના સર્વાંગી વિકાસ માટે 'સંપૂર્ણતા અભિયાન'નો પ્રારંભ કરાવતા તાપી કલેક્ટર ડો. વિપિન ગર્ગ

સગર્ભા-ધાત્રી માતા, કિશોરી, બાળકોના પોષણસ્તરમાં સુધારો લાવવા માટે આંગણવાડી કાર્યકર બહેનોની ભૂમિકા મહત્વપૂર્ણઃ કલેક્ટર ડો. ગર્ગ

કેન્દ્ર-રાજ્ય સરકારની પ્રજાલક્ષી યોજનાનો લાભ છેવાડાના માનવીને મળી રહે તે માટે સંબંધિત અધિકારીઓને રચનાત્મક સૂચનો આપતા કલેક્ટર ડો. ગર્ગ

કમલમ્ ન્યુઝ,

તાપી જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. વિપિન ગર્ગે આકાંક્ષી નિઝર અને કુકરમુંડા તાલુકાનાસર્વાંગી વિકાસ માટે 'સંપૂર્ણતા અભિયાન'નો પ્રારંભ કરાવતા જણાવ્યું કે, આ તાલુકાઓને અન્ય તાલુકાઓના સમકક્ષ લાવીને શિક્ષણ, પોષણ, સ્વાસ્થ્ય, ખેતી સહિતના તમામ ઈન્ડિકેટર્સ પર પરિણામલક્ષી કામગીરી 'પ્રજા-તંત્ર' ની સહભાગીદારીથી શક્ય બનશે. વધુમાં કલેક્ટર શ્રી ગર્ગે જણાવ્યું કે, નિઝરઅને કુકરમુંડા જેવા આકાંક્ષી તાલુકાઓમાં શિક્ષણ, સ્વાસ્થ્ય પોષણ અને ખેતી મહત્વના પરિબળ છે. આંગણવાડી કેન્દ્ર ખાતે ઉપલબ્ધ થતા 'ટેક હોમ રેશન' જેમાં ધાત્રી-સગર્ભા બહેનો માટે માતૃશક્તિ, કિશોરીઓ માટે પૂર્ણા શક્તિ અને બાળકો માટે બાળ શક્તિનો ઉપયોગ કરીને પોષણ સ્તરમાં સુધારો લાવી શકાય છે. જેમાં કલેક્ટર શ્રીએ આંગણવાડી કાર્યકર બહેનોની ભાગીદારીને મહત્વપૂર્ણ ગણાવીહતી. આ પ્રસંગે કલેક્ટરશ્રી ગર્ગ જિલ્લા વહીવટી તંત્રના સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓને પણ કેટલાક રચનાત્મક સૂચનો આપીને સરકારની યોજનાકિય લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડીને આગામી ત્રણ મહિનામાં નીતિ આયોગદ્વારા નક્કીકરાયેલાતમામ પેરામીટર્સને તથા સો ટકા સેચ્યુરેશનને પરિપૂર્ણ કરવા માટે માર્ગદર્શિત કર્યા હતા. જિલ્લા વિકાસઅધિકારી શ્રીવી.એન. શાહે પણ આકાંક્ષી તાલુકાના નાગરિકોને ગુણવત્તાયુક્ત જીવનશૈલી પ્રદાન કરવા માટે વહીવટી તંત્રના અધિકારીઓ સાથે પ્રજાની ભાગીદારીને મહત્વલક્ષી ગણાવી હતી. કાર્યક્રમમાં લાભાર્થી બહેનોને સહાય વિતરણ કરવામાંઆવ્યું હતું. કાર્યક્રમ પૂર્ણ થયે મહાનુભાવોએ આરોગ્ય, ખેતીવાડી, આઈસીડીએસ દ્વારા ઉભા કરાયેલા સ્ટોલ્સની મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ ગ્રામજનોએ નિઃશુલ્ક આરોગ્ય તપાસણી કેમ્પનો લાભ લીધો હતો. ઉપરાંત, આંગણવાડી કાર્યકર બહેનોએ સ્ટોલની મુલાકાત લેતા ગ્રામજનોને વાનગી નિદર્શન થકી ટી.એચ.આર. માંથી તૈયાર કરવામાં આવેલી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓ તૈયાર કરવાની રીત વિશે માહિતગાર કર્યા હતા. સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કરાવીને કલેક્ટર શ્રી ગર્ગે નિઝર તાલુકા ખોડદા ખાતે આંગણવાડી, પ્રાથમિક શાળા તથા ગ્રામ પંચાયતની મુલાકાત લીધી હતી. આ તકે ગ્રામજનો સહિત ઉપસ્થિત સૌ મહેમાનો એસ્પિરેશનલ બ્લોકના સર્વાંગી વિકાસ માટે પોતાની સહભાગીદારી અદા કરવા માટે સામુહિક સંકલ્પબદ્ધ થયા હતા. કાર્યક્રમમાં દિલ્હીથી પધારેલ નિતિ આયોગના પ્રતિનિધિઓ, પ્રાંત અધિકારી શ્રી જયકુમાર રાવલ, આયોજનઅધિકારીશ્રી કેતન પટેલ, ઝઢજી પ્રોગ્રામ ઓફીસર સુશ્રી તન્વી પટેલ, નિઝર-કુકરમુંડાના પંચાયત પ્રમુખ, તાલુકા વિકાસ અધિકારી સર્વશ્રી, મામલતદાર સર્વશ્રી, સરપંચશ્રીઓ, સભ્યો અને મોટી સંખ્યામાંગ્રામજનો ઉપસ્થિત રહ્યાહતા.

ડૉ. શ્યામા પ્રસાદ મુખરજી "એક વિધાન-એક નિશાન-એક પ્રધાન" સિદ્ધાંતના શિલ્પકાર હતા : મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ

ગુજરાત વિધાનસભા ખાતે સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૩મી જન્મજયંતીએ સદ્ગત મહાનુભાવશ્રીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરતાં કેબીનેટ કૃષિમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

રાજ્યના કેબીનેટ કૃષિમંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૩મી જન્મજયંતી નિમિતે વિધાનસભા પોડિયમમાં સદ્ગત મહાનુભાવશ્રીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતુ કે, શ્યામા પ્રસાદ મુખરજી "એક વિધાન-એક નિશાન-એક પ્રધાન" સિદ્ધાંતના શિલ્પકાર હતા. શિસ્ત, હિંદુત્વ અને શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન એમનામાંબાળપણથી જ થયું હતુ. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંડળમાં તેમને ઉદ્યોગ અને પુરવઠા મંત્રીની જવાબદારી સોંપવામાંઆવી હતી. સ્વતંત્રતા વખતે દેશી રાજ્યોના વિલીનીકરણના કામમાટે સરદાર પટેલનું નામ સૂચવનાર શ્રી મુખરજી જ હતા. કાશ્મીરના મુદ્દે તેઓ ખૂબ જ સક્રિય અને ચિંતિત હતા અને દેશમાં એક વિધાન-એક નિશાન-એક પ્રધાન સિદ્ધાંતના શિલ્પકાર પણ શ્રી મુખરજી હતા. તેઓશ્રી પોતાના સમગ્ર જીવન દરમિયાન અખંડ ભારતના સમર્થક અને કાશ્મીર માટે સંઘર્ષરત રહ્યાં હતા. ૧૯૫૩માં તેઓ જમ્મુની મુલાકાતે જવા નિકળ્યા, પરંતુ ત્યાં પહોંચે તે પહેલા તેમની ધરપકડ થઈ અને જેલવાસ દરમિયાન જ શ્રીનગરની હોસ્પિટલમાં તેમનો સ્વર્ગવાસ થયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના ઇન્ચાર્જ સચિવ શ્રી સી.બી.પંડ્યા તેમજ વિધાનસભાના અધિકારીઓ અને કર્મચારીઓએ સ્વ. શ્યામાપ્રસાદ મુખરજીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આઈએસઆઈ (ISI) માર્ક વિના મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મૈટેરિયલ બનાવતી યુનિટ પર ભારતીય માનક બ્યુરોના દરોડા

કમલમ્ ન્યુઝ,

ભારતીય માનક બ્યુરોના અધિકારીઓ દ્વારા માન્ય લાયસન્સ લીધા વગર આઈ એસ આઈ (ISI) માર્ક વગર મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મેટેરિયલ બનાવતી યુનિટ મેસર્સ ઓટોટેક સિરમેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, એનએચ ૪૮, પારદી, વલસાડ, ગુજરાત ૩૯૬૦૦૨ પર તારીખ ૦૪-૦૭-૨૦૨૪ ના રોજ દરોડાની કાર્યવાહી કરવામાં આવી. દરોડા દરમિયાન, યુનિટ માંથી ISI માર્ક વગરના ૦૮ બેગ (૨૦૦ કિગ્રા) મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મેટેરિયલ જપ્ત કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત યુનિટ પાસે મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મેટેરિયલ નું બીઆઈએસ લાઈસન્સ હતુ.

પરંતુ તેમ છતાં તેઓ ISI માર્ક વગર ઉપરોક્ત ઉત્પાદનું ઉત્પાદન કરતા હતા. ISI માર્ક વગર મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મેટેરિયલ નું ઉત્પાદન કરી શકાતું નથી. તેથી ઉપરોક્ત યુનિટમાં દરોડા ની કાર્યવાહી કરવામાંઆવી. રસાયણ અનેખાતર મંત્રાલય દ્વારા પોલીથીન મેટેરિયલ ફોર મોલ્ડિંગ એન્ડ એક્સટ્રુઝન (ગુણવત્તા નિયંત્રણ) સૂચન આદેશ, ૨૦૨૩, તારીખ ૨૬ સપ્ટેમ્બર ૨૦૨૩ ના રોજ જારી કરાયેલા ઓર્ડર મુજબ મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મેટેરિયલ ઉપર આઈ એસ આઈ (ISI) માર્ક ૦૫ જાન્યુઆરી ૨૦૨૪ પછી ફરજિયાતબનાવવામાંઆવ્યો છે. અર્થાત કોઈપણ ઉત્પાદક અથવા વેપારી આઈ એસ આઈ માર્ક લગાવ્યા વગર મોલ્ડિંગ અને એક્સટ્રૂઝન માટે પોલીઈથિલિન મેટેરિયલનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરી શકશે નહી. આવું કરનારનાં વિરુધ્ધ ભારતીય માનક બ્યૂરો અધિનિયમ ૨૦૧૬ ના અનુચ્છેદ ૧૭ ના ઉલ્લંઘનની કાર્યવાહી કરવામાં આવે છે. આ અપરાધદંડનીય છે, જે અંતર્ગત બે વર્ષની જેલ અથવા ઓછામાં ઓછા ? ૨,૦૦,૦૦૦/- આર્થિક દંડ અથવા બંને સજાની જોગવાઈ છે. ઘણા બધા ઉત્પાદક જનતાને છેતરવા માટે ભારતીય માનક બ્યૂરોના લાયસન્સ લીધા વગર આવા ઉત્પાદનોનું ઉત્પાદન કરતા હોય છે. ભારતીય માનક બ્યૂરો સમય સમય પર આવા પ્રકારની સામગ્રીના ઉપયોગથી થતી છેતરપિંડી અને સંભવિત સુરક્ષા ખતરાથી આમ જનતાને બચાવવા માટે ISI માર્કના દુરુપયોગની મળેલ/કરેલ ફરિયાદ અનુસાર અવારનવાર સંખ્યાબધ દરોડા કરતી હોય છે.

કોઈપણ વ્યક્તિ જેની પાસે ભારતીય માનક બ્યૂરો ના માનકચિહ્ન ના દુરપયોગ ની જાણકારી હોય અથવા ફરજીયાત પ્રમાણનના હેઠળ આવતા ઉત્પાદનોનું ઉત્પાદન કરનારાઓ વિશે કોઈપણ પ્રકારની માહિતી હોય તો તે પ્રમુખ ભારતીય માનક બ્યુરો, સુરત શાખા કાર્યાલય, પ્રથમ માળ દૂરસંચાર ભવન, કારીમાબાદ એડમીન બિલ્ડિંગ, ઘોડ દોડ રોડ, સુરત – ૩૯૫૦૦૧ ફોન નં. ૦૨૬૧ – ૨૯૯૦૦૭૧ પર લખી શકે છે. ફરિયાદને subo-bis@bis.gov.in yÚkðk cmed@bis.gov.in પર ઈમેલ દ્વારા પણ કરી શકાય છે. આવા પ્રકારની સૂચના આપનારની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે.

ભારત-મેક્સિકો કાયદા અમલીકરણ સહયોગને મજબૂત બનાવવા

કમલમ્ ન્યુઝ,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ભારતની અગ્રણી સુરક્ષા અને પોલીસ યુનિવર્સિટી, ભારત સરકારના વિદેશ મંત્રાલયના આઈટીઈસી માળખા હેઠળ ૨૫ જૂન, ૨૦૨૪થી ૫ જુલાઈ, ૨૦૨૪ સુધી મેક્સીકન કાયદા અમલીકરણ અધિકારીઓમાટે બે અઠવાડિયાના તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ પહેલ કાયદાના અમલીકરણઅને સુરક્ષા ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવા માટે એક નોંધપાત્ર પગલું રજૂ કરે છે. આ કાર્યક્રમનો પ્રાથમિક ઉદ્દેશ મેક્સિકોના વરિષ્ઠ કાયદા અમલીકરણ અધિકારીઓની કુશળતા અને કુશળતાને વહેંચાયેલ શિક્ષણ અનુભવો અને શ્રેષ્ઠ પદ્ધતિઓના વિનિમય દ્વારા વધારવાનો હતો. ૫ જુલાઈ, ૨૦૨૪ના રોજ એક વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારતમાં મેક્સિકોના રાજદૂત મહામહિમ શ્રી ફેડરિકો સાલાસ લોટફેહાજર હતાઅને આરઆરયુ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓ અને કાર્યની પ્રશંસા કરી હતી. આરઆરયુના ઉપાધ્યક્ષ પ્રોફેસર (ડૉ.) બિમલ એન. પટેલ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ કાર્યક્રમમાં જોડાયા હતા અને આરઆરયુના પ્રો-ઉપાધ્યક્ષ પ્રોફેસર (ડૉ.) કલ્પેશ એચ. વાન્દ્રા, આરઆરયુના ડીનએકેડેમિક્સ શ્રી સુશીલ ગોસ્વામી, સ્કૂલ ઓફ ઈન્ટરનલ સિક્યુરિટી એન્ડ સ્માર્ટ પોલીસિંગ (એસઆઈએસએસપી)ના ડિરેક્ટર મેજર જનરલ દીપક મેહરા અને આરઆરયુના આંતરરાષ્ટ્રીય સહકાર અને સંબંધો શાખા (આઈસીઆરબી)ના વડા શ્રી રવિશ શાહ સહિત યુનિવર્સિટીના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ આ કાર્યક્રમમાંહાજર હતા. વિદાય સત્ર દરમિયાન ભારતમાં મેક્સિકોના રાજદૂત શ્રી ફેડરિકો સાલાસ લોટફે અને મુખ્ય અતિથિએ તાલીમ કાર્યક્રમ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો અને નજીકના ભવિષ્યમાં મેક્સિકન અધિકારીઓ માટે સમાન કાર્યક્રમોનું આયોજન કરવાની વિનંતી કરી હતી. તેમણે યુનિવર્સિટીના ઉપાધ્યક્ષને તેમના અધિકારીઓની કુશળતા વધારવા માટે યુનિવર્સિટીની કુશળતાનો લાભ લેવા માટે પહેલ કરવા બદલ તેમની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આરઆરયુના ઉપાધ્યક્ષ પ્રોફેસર (ડૉ.) બિમલ એન. પટેલે ભારત અને મેક્સિકો વચ્ચેના સ્થાયી બંધનને ભારપૂર્વક જણાવ્યું હતું અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેમના વહેંચાયેલા મૂલ્યો અને પરસ્પર આદર પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે આ કાર્યક્રમ બંને દેશો વચ્ચેના લાંબા સમયથી ચાલતા સંબંધોમાં એક અન્ય મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, જે સામાન્ય મૂલ્યો, પરસ્પર આદર અને વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે સમર્પણ પર આધારિત છે. પ્રોફેસર પટેલે ભારત અને મેક્સિકો વચ્ચેના ઐતિહાસિક જોડાણ પર વિસ્તૃત ચર્ચા કરી હતી અને વિવિધ ક્ષેત્રોમાં ખાસ કરીને સુરક્ષા સહકારમાં પ્રાપ્ત થયેલી નોંધપાત્ર પ્રગતિ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે પ્રધાનમંત્રીના વિઝન પર ભાર મૂક્યો હતો કે, "ભારત અને મેક્સિકો વિકાસ અને સમૃદ્ધિ માટેની અમારી સંયુક્ત આકાંક્ષાઓથી બંધાયેલા છે." તેમના સહયોગમાં વેપાર અને રોકાણ, વિજ્ઞાન અને ટેકનોલોજી, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને સુરક્ષા સહકાર જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે, જેનો હેતુ તેમના નાગરિકો માટે વધુ સુરક્ષિતઅને વધુ સમૃદ્ધ વિશ્વને પ્રોત્સાહન આપવાનો છે. આંતરરાષ્ટ્રીય સહકાર અને સંબંધો શાખા (આઈસીઆરબી)ના વડા શ્રી રવિશ શાહે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં, ૯૩૦ દેશોમાંથી કુલ ૫૩ સહભાગીઓએ ભારતીય તકનીકી અને આર્થિક સહકાર (આઈટીઈસી) પહેલ દ્વારા અને ભારતના વિદેશ મંત્રાલયના સમર્થનમાં આશરે અઢી વર્ષના સમયગાળામાં યુનિવર્સિટીમાં અપસ્કિલિંગ અને ક્ષમતા નિર્માણ કાર્યક્રમોમાંથી પસાર થયા છે. આ બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે આરઆરયુનું એક મોટું યોગદાન છે. બે અઠવાડિયાના તાલીમ કાર્યક્રમ દરમિયાન, મેક્સિકોના વરિષ્ઠ કાયદા અધિકારીઓએ યુનિવર્સિટીના નિષ્ણાતો પાસેથી વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક તાલીમ મેળવીહતી. આ તાલીમમાં પોલીસ સુધારા, અસરકારક પોલીસ ઈન્ટરવ્યુ તકનીકો, સર્વેલન્સ અને મોનિટરિંગ પધ્ધતિઓ, ગુના અને ફોજદારી ટ્રેકિંગ નેટવર્ક અને સિસ્ટમ્સ (સીસીટીએનએસ), કાયદાના અમલીકરણમાં આગાહીયુક્ત વિશ્લેષણ, આતંકવાદ વિરોધી અને કાઉન્ટર ઈન્ટેલિજન્સ, સાયબર સિક્યોરિટી અને ડાર્ક વેબ ઓપરેશન્સનો સમાવેશ થાય છે. ભારતે આંતરિક સુરક્ષા સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરીને લેટિન અમેરિકન અને કેરેબિયન (એલએસી) ક્ષેત્ર સાથેના તેના સંબંધોને નોંધપાત્ર રીતે મજબૂત બનાવ્યા છે. ભારત અને એલએસી દેશો વચ્ચેના સંબંધોને ઉચ્ચ સ્તરીય મુલાકાતો, દ્વિપક્ષીય કરારો અને વ્યૂહાત્મક સંવાદો દ્વારા મજબૂત બનાવવામાં આવ્યા છે. આ ભાગીદારીએ આતંકવાદ વિરોધી, સાયબર સુરક્ષા, ડ્રગ હેરફેર અને આંતરરાષ્ટ્રિય ગુના જેવા ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પદ્ધતિઓ અને તકનીકોના આદાનપ્રદાનને સરળ બનાવ્યું છે. આ સહયોગ ક્ષમતા નિર્માણ અને તાલીમ પહેલ સુધી વિસ્તરે છે, જે મેક્સીકન અધિકારીઓ માટે વર્તમાન કાર્યક્રમની જેમ છે. આ પ્રકારની પહેલોનો ઉદ્દેશ એલએસી પ્રદેશમાં કાયદા અમલીકરણ એજન્સીઓની ઓપરેશનલ ક્ષમતાઓને વધારવાનો છે, જે વૈશ્વિક શાંતિ અને સુરક્ષા માટે વહેંચાયેલ પ્રતિબદ્ધતાને પ્રોત્સાહન આપે છે.

મેક્સિકો સાથેની ભાગીદારી આ વધતા સંબંધનું પ્રમાણ છે, જે સહકાર અને જ્ઞાનના આદાનપ્રદાન દ્વારા સમકાલીન સુરક્ષા પડકારોનો સામનો કરવાની પરસ્પર ઈચ્છાને પ્રતિબિંબિત કરે છે. જેમ જેમ તાલીમ કાર્યક્રમ આગળ વધે છે તેમ, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે જ્ઞાન અને કુશળતાના આદાનપ્રદાનથી ભાગ લેનારા મેક્સીકન અધિકારીઓની ઓપરેશનલ ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો થશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ માત્ર અદ્યતન કૌશલ્ય પ્રદાન કરવાનો જ નથી, પરંતુ ભારત અને મેક્સિકોની કાયદા અમલીકરણ એજન્સીઓ વચ્ચે સહકાર અને પરસ્પર સમજણની ભાવનાને પ્રોત્સાહન આપવાનો પણ છે.

‘સહકારથી સમૃદ્ધિ’ તરફ આગળ વધતું ગુજરાત

મહુલીયા ખાતે ખેડૂત સભાસદોના ખબર અંતર પૂછીને સહકારી માળખા તરફથી વિકસિત કરાયેલી સેવાઓનું નિરીક્ષણ કર્યું

પંચમહાલ ક્ષેત્રની સહકારી પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા બેઠક કરતા કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિત શાહ

૧૦૨મા આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ નિમિત્તે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિત શાહે ગોધરામાં ‘પંચામૃત ડેરી કોર્પોરેટ ઓફિસ’નું લોકાર્પણ કર્યું

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતશાહે ગોધરાખાતે ૧૦૨મા આંતરરાષ્ટ્રીય સહકાર દિવસની ઉજવણીમાં સહભાગી બની પંચમહાલના સહકારી ક્ષેત્રના વિવિધ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષાબેઠક કરીહતી. સહકારિતા મંત્રીશ્રી અમિત શાહે તેમના ગોધરા પ્રવાસ દરમિયાન સૌપ્રથમ ગોધરા તાલુકાના મહુલીયા મુકામે પહોંચ્યા હતા. અહીં તેમણે ધી આંગળીયા અર્થક્ષમ સેવા સહકારી મંડળીના સભ્યો સાથે વાર્તાલાપ કરીને સહકારી માળખા તરફથી વિકસિત કરાયેલી સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે અહીંના ખેડૂત સભાસદોને રૂબરૂ મળીને તેમના હાલચાલ પૂછીને પરિચર્ચા પણ કરી હતી. ત્યારબાદ કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી શાહે પંચમહાલ ડેરીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે રાજયના સહકારિતા મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માની વિશેષઉપસ્થિતિમાં રૂ. ૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત ‘પંચામૃત ડેરી કોર્પોરેટ ઓફિસ’નું લોકાર્પણકર્યું હતું. તદુપરાંત તેમણે પંચામૃત ડેરીની વિકાસયાત્રા અને ઉપલબ્ધિઓનાપ્રદર્શનને નિહાળ્યું હતું.

આ સમયે વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પંચામૃત ડેરીના ચેરમેનશ્રી જેઠાભાઈ ભરવાડ તેમજ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી મિતેષ મહેતાએ પંચમહાલ ડેરીની વિકાસયાત્રા અનેઉપલબ્ધિઓ વિશે શ્રી અમિતશાહને માહિતગાર કર્યા હતા. ત્યારબાદ તેમણે ડેરી ખાતે જિલ્લાના સહકારી સંસ્થાઓના અગ્રણીઓ સાથે સહકાર ક્ષેત્રની ચર્ચાઓ કરી હતી. કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના ગોધરા પ્રવાસ વખતે લોકસભાના સાંસદશ્રી રાજપાલસિંહ જાદવ, રાજ્યસભાના સાંસદ ડૉ.જસવંતસિંહ પરમાર, ધારાસભ્યશ્રી સી.કે રાઉલજી, કેન્દ્રીય સહકાર મંત્રાલયના ઉચ્ચ અધિકારીશ્રીઓ, જિલ્લાઅગ્રણીશ્રી અશ્વિનભાઈ પટેલ, કલેક્ટરશ્રી આશિષકુમાર, જિલ્લા પોલીસ વડાશ્રી હિમાંશુ સોલંકી, વહીવટી તંત્રના ઉચ્ચઅધિકારીશ્રીઓ સહિત સહકારી સંસ્થાઓના આગેવાનો હાજર રહ્યા હતા.

સહકારિતા દિન નિમિત્તે દેશના સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે બનાસકાંઠા જિલ્લાના સહકારી આગેવાનો સાથે કરી બેઠક

થરાદ તાલુકાના ચાંગડા ખાતે સહકારી સેવાઓનું નિરીક્ષણ કર્યું

સહકારિતામંત્રી શ્રી અમિત શાહના વરદ હસ્તે દૂધ ઉત્પાદક મહિલા સભ્યોને ઝીરો ટકા વ્યાજ સાથેના માઈક્રો ATM રૂપે કાર્ડ વિતરણ કરાયા

કમલમ્ ન્યુઝ,

દેશમાં આજે સહકારિતા દિન નિમિત્તે ઉજવણી થઈરહી છે. બનાસકાંઠાનાસહકારિતા મોડેલની દેશભરમાં ચર્ચા છે ત્યારે આજે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે પધાર્યા હતા. સહકારી માળખા દ્વારા ગામડાઓમાં મળતી સેવાઓના નિરક્ષણ અર્થે આવેલા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે આજે થરાદ તાલુકાના ચાંગડા ગામે ત્રિવિધ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સહકારી માળખાકીય સેવાઓનું નિરીક્ષણ કર્યું હતું. બનાસકાંઠા જિલ્લાના સરહદી થરાદ તાલુકાના છેવાડાનાગામ ચાંગડાખાતે કેન્દ્રના ગૃહમંત્રી અને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહની ઉપસ્થિતિને પગલે ગામમાંદિવાળી જેવો માહોલ જોવા મળ્યો હતો. લોકોએ ખૂબ ઉત્સાહ સાથે શ્રી અમિત શાહનું સ્વાગત કર્યું હતું. લોકોનો અદમ્ય ઉત્સાહ જોઈ શ્રી અમિત શાહે પણ લોકો રૂબરૂ મળી હસ્તધનુન કરી અભિવાદન ઝીલ્યું હતું.

આપ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિત શાહના હસ્તે ચાંગડા દૂધઉત્પાદન મંડળીની દૂધઉત્પાદક મહિલાસભ્યોને ઝીરો ટકા વ્યાજ સાથેના માઈક્રોછ્સ રૂપે કાર્ડવિતરણ કરવામાંઆવ્યા હતા. તેમજ સહકારીપાયલોટ પ્રોજેક્ટ, પેક્સ કાર્યાલય અને સેવા સહકારી મંડળીના ગોડાઉનની મુલાકાત સાથે બનાસડેરી, બનાસબેંક અને માર્કેટયાર્ડ તેમજ જિલ્લા સંઘ, તાલુકા સંઘના ચેરમેનો, ડિરેક્ટરો, આગેવાનો અને હોદેદારો સાથે રાજેશ્વર મંદિર ખાતે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષશ્રી અને બનાસ ડેરીના ચેયરમેન શ્રી શંકરભાઈ ચૌધરી, રાજ્યના સહકારિતા મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ધારાસભ્ય સર્વશ્રીઓ કેશાજી ચૌહાણ, શ્રી પ્રવીણભાઈ માળી, કલેક્ટર શ્રીવરુણકુમાર બરનવાલ, કચ્છ ભુજ રેન્જ આઈ.જી શ્રી ચિરાગ કોરડીયા, પૂર્વ સાંસદશ્રી પરબતભાઈ પટેલ, સંગઠન જિલ્લા પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલા, બનાસ બેંકના ચેયરમેનશ્રી સવશીભાઈ ચૌધરીસહિત સહકારી અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાર્થીજીવનનો સૌથી મોટો શત્રુ આળસ છે, વિદ્યાર્થીએ આળસથી દૂર રહેવુ જોઈએ :- રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી

રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગુરુપૂર્ણિમા સત્રનો દીક્ષારંભ કાર્યક્રમ યોજાયો

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ગુરૂપૂર્ણિમા સત્ર અને વસંતપંચમી સત્ર એમ બે ભારતીય શૈક્ષણિક સત્ર પરંપરાનો પ્રારંભ

રાજ્યપાલ અને કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજી

- પ્રાચીન સમયમાં આશ્રમ અને ગુરુકુળ શિક્ષણ પરંપરામાં ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં બાળકમાં સંસ્કારોનું સિંચન કરીને તેનું ચારિત્ર્ય નિર્માણ કરવામાં આવતું હતું.
- વિદ્યા અમૃતતત્વની પ્રાપ્તિ કરાવે છે તથા શરીર અને જીવનનો ઉદ્દેશ સાર્થક કરે છે.
- યુવાઓને શિક્ષિત અને દીક્ષિત કરવાના પૂજ્ય બાપુના વિચારો અને તેમના જીવનમૂલ્યોને સાર્થક કરવાની દિશામાં ગુજરાત વિદ્યાપીઠ કામ કરી રહી છે.

કમલમ્ ન્યુઝ,

ગુજરાતરાજ્યના રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં ગુજરાત વિદ્યાપીઠ ખાતે ગુરુપૂર્ણિમા સત્રનો દીક્ષારંભ કાર્યક્રમ યોજાયો હતો. રાજયપાલશ્રીએ ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ શરૂ થયેલા ગુરુપૂર્ણિમા સત્રમાં ૮ વિદ્યાશાખાના વિવિધ ૧૮ વિષયોમાં કુલ ૧૧૪૬ વિદ્યાર્થીઓને દીક્ષારંભ કરાવ્યો હતો. આ દીક્ષારંભ પ્રસંગે રાજયપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, પ્રાચીન સમયમાં દેશમાં આ કાર્યક્રમ ’વિદ્યારંભ સંસ્કાર’ તરીકે ઓળખાતો હતો. આપણાં ઋષિમુનિઓએ જીવનને ઉન્નત બનાવવા અને આત્માના સંપૂર્ણ વિકાસ માટે કુલ ૧૬ સંસ્કારોની કલ્પના કરી હતી, જેમાંનો એક સંસ્કાર ’વિદ્યારંભ સંસ્કાર’ છે. વિદ્યારંભ સમારંભ વિશે વધુમાં વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ગુરુ અને શિષ્ય બંનેના એકમેક પ્રત્યેના સમર્પણ ભાવ અને સહયોગ થકી જ વિદ્યા સાર્થક થાય છે. પ્રાચીન સમયમાં આશ્રમ અને ગુરુકુળ શિક્ષણ પરંપરામાં માતા-પિતા પોતાના બાળકને આશ્રમમાં મોકલતા હતા. આશ્રમ કે ગુરુકુળમાં ગુરુઓ બાળકના સંપૂર્ણ નિર્માણની જવાબદારી લેતા હતાં. બાળકને પોતાના ઘરની યાદ ન આવે તેવા ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં બાળકમાં સંસ્કારોનું સિંચન કરીને તેનું ચારિત્ર્ય નિર્માણ કરવામાં આવતું હતું, એમ તેમણે ઉમેર્યુ હતું. આચાર્યની વિભાવના સમજાવતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આજે ગુરુઓ ’અધ્યાપક’ કે ’આચાર્ય’ તરીકે ઓળખાય છે. ’આચાર્ય’ તેમને કહેવાય જેમનું આચરણ, મન, કર્મ, વચન અને જીવન તેમના શિષ્યો માટે આદર્શરુપ હોય. વિદ્યાર્થીઓ કે શિષ્યો પોતાના ગુરુમાંથી શીખે છે અને પોતાના ગુરુ જેવા બનવાનો પ્રયત્ન કરે છે. જેવી રીતે એક ગર્ભવતી માં પોતાના ગર્ભસ્થ શિશુની સારસંભાળ રાખે છે, તેવી જ રીતે એક આદર્શ ગુરુ પોતાના શિષ્યને કેળવે છે, સાચવે છે અને તેને એક મહાન વ્યક્તિત્વ પ્રદાન કરે છે. ગુરુજન વિશે આવી ઉદાત કલ્પના ભારતીય સંસ્કૃતિ સિવાય બીજે ક્યાંય જોવામળી શકે નહીં, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. વિદ્યા અને અવિદ્યા વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાચીન સમયમાં વેદ ઉપનિષદ આધારિત શિક્ષણ આપવામાં આવતું. જેમાં વિદ્યા અને અવિદ્યા બંને શીખવવામાં આવતી હતી. અવિદ્યા એટલે દુનિયામાં રહીને શરીર સુખપૂર્વક જીવી શકે એવા સાધનોનું ઉપાર્જન કરવું. અવિદ્યા ભૌતિક વિજ્ઞાન અને દુનિયાદારીનું શિક્ષણ પૂરું પાડે છે. અવિદ્યા પૈસા કમાવી આપતા હુનર શીખવે છે, જેનાથી યોગ્ય જીવનનિર્વાહ થઈ શકે છે. જ્યારે વિદ્યા અમૃતતત્વની પ્રાપ્તિ કરાવે છે તથા શરીર અને જીવનનો ઉદ્દેશ સાર્થક કરે છે. ઋષિઓ તેમના શિષ્યોને વિદ્યા થકી એવું તત્વજ્ઞાન આપતા જે જીવનને ધર્મ, અર્થ, કામ કરતા કરતા મોક્ષની પ્રાપ્તિ કરાવતી. આત્મા દેખાતી નથી, પરંતુ શરીરના દેખાવાનું કારણ આત્મા જ છે. આત્માના આ તત્વોને જાણવાનું નામ જ વિદ્યા છે, એમ તેમણે ઉમેર્યુ હતું. વિદ્યાનું વહન કરનારા વિદ્યાર્થીએ તપસ્યા, પરિશ્રમ અને કર્મયોગ કરવો જોઈએ. તેનાથી જ બધું જ મેળવી શકાય છે. વિદ્યાર્થી જીવનનો સૌથી મોટો શત્રુ આળસ છે તેમ જણાવીને તેમણે વિદ્યાર્થીઓને આળસથી દૂર રહેવા જણાવ્યું હતું. ગુજરાત વિદ્યાપીઠ વિશે વાત કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ભારત દેશ ગુલામ હતો ત્યારે પૂજ્ય ગાંધીબાપુએ રાષ્ટ્રની આઝાદીમાં યુવાપેઢી યોગદાન આપે એ માટે તેમને તૈયાર કરવા માટે આ સંસ્થાની સ્થાપના કરી હતી. દેશનો યુવા સંસ્કારી, સભ્ય, શાલીન, રાષ્ટ્રભક્ત, હુનર અને શિક્ષણથી પરિપૂર્ણ બને એવા ઉમદા વિચાર સાથે તેમણે આ સંસ્થાનો આરંભ કરેલો. પૂજ્ય બાપુના યુવાઓને શિક્ષિત અને દીક્ષિત કરવાના વિચારોએ અને તેમના જીવન મૂલ્યોને સાર્થક કરવાની દિશામાં આ સંસ્થા કામ કરી રહીછે. આ એવી સંસ્થા છે જે વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાનની સાથોસાથ તેમનું ચારિત્ર્ય નિર્માણ અને જીવનનિર્માણ કરીને દેશની ભાવિ પેઢીને ભારત નિર્માણમાં સક્રિય યોગદાન આપવા તૈયાર કરે છે. સાથે જ, રાજયપાલશ્રીએ વિદ્યાપીઠ પરિસર અને ભવનોની સાફ-સફાઈ, ઉત્સાહપૂર્ણ વાતાવરણ અને વિધિવત દીક્ષારંભ કાર્યક્રમના આયોજનને પણ બિરદાવ્યું હતું. આદીક્ષારંભ પ્રસંગે પદ્મવિભૂષણ શ્રી રાજશ્રી બિરલાજીએ પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ’સા વિદ્યા યા વિમુક્તયે ’જેનું આધારસૂત્ર છે એવી આ સંસ્થાનો પ્રારંભ ગાંધીજીએ ૧૯૨૦માં અસહયોગ આંદોલન દરમિયાન દેશના યુવાઓના શિક્ષણ માટે કર્યો હતો. "ગામડાઓનો ઉદ્ધાર થશે તો જ દેશનો ઉદ્ધાર થશે"- ગાંધીજીના આ વિચારને પરિપૂર્ણ કરવાની દિશામાં ગુજરાત વિદ્યાપીઠ હંમેશા કામ કરતી રહીછે. બિરલાપરિવાર ત્રણ દાયકાથી ગાંધી વિચારો સાથે જોડાયેલો છે. ગુજરાત વિદ્યાપીઠ સમાજમાં શિક્ષણના માધ્યમથી ચારિત્ર નિર્માણનું કાર્ય કરીરહી છે, એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ, તેમણે ગ્રામોદ્યોગ, સામુદાયિક જીવન, સામૂહિક પ્રાર્થના, સાફ-સફાઈ, માતૃભાષામાં શિક્ષણ, રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અમલીકરણ, આત્મનિર્ભરતા, ખાદીઅને સૂતર, શ્રમપ્રત્યે નિષ્ઠા, સામૂહિક શ્રમદાન જેવી વિદ્યાપીઠની વિશેષતાઓને બિરદાવી હતી. ગુજરાત વિદ્યાપીઠના ગુરૂપૂર્ણિમા સત્રના દીક્ષારંભ પ્રસંગે પૂર્વશિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ગાંધીજીના વિચારો ૧૦૦ વર્ષ પહેલા પણ એટલા જ પ્રસ્તુત હતા અને આજે પણ એટલા જ પ્રસ્તુત છે અને તેમના વિચારોને આ મહાન સંસ્થા (ગુજરાત વિદ્યાપીઠ) વધુને વધુ લોકો સુધી લઈ જઈ રહી છે. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી શિક્ષણનીતિમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસપર ભાર મૂક્યો છે. ગુજરાત વિદ્યાપીઠમાં એક સકારાત્મક વાતાવરણમાં શિક્ષણ સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ પ્રત્યે ધ્યાન આપવામાં આવે છે. વિદ્યાર્થીપાસ થઈને સમાજમાં જાય ત્યારે સમાજનું નામ રોશનકરે અને સમાજમાં પોતાનું યોગદાન આપે એ રીતે વિદ્યાર્થીઓને અહીં તૈયાર કરવામાંઆવેછે, એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતવિદ્યાપીઠના કુલપતિ શ્રી ડૉ. હર્ષદભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરતાંજણાવ્યું હતું કે, એક જુલાઈથી શરૂ થયેલા નવા સત્રનો દીક્ષારંભ સમારોહ એક પખવાડિયા સુધી ચાલશે. આ વર્ષે વિવિધ ૧૮ રાજ્યોના વિદ્યાર્થીઓએ ગુજરાત વિદ્યાપીઠમાંપ્રવેશ મેળવ્યોછે. ગત વર્ષના ૮૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશનીસરખામણીમાં આ વર્ષે કુલ ૧૨૦૦ વિદ્યાર્થીઓ ગાંધી મૂલ્યો અને ગાંધીજીના જીવન આદર્શો સાથે શિક્ષણ મેળવવા માટે જોડાયા છેએ ગૌરવપૂર્ણવાત છે, એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિદ્યાપીઠ દ્વારા સેમ.૧ અને સેમ. ૨ની અંગ્રેજી પેટર્નને બદલે હવે પ્રથમવાર બે ભારતીય શૈક્ષણિક સત્ર પરંપરા મુજબ ગુરૂપૂર્ણિમા સત્ર તથા વસંતપંચમી સત્ર તરીકે શિક્ષણકાર્ય ચલાવવામાં આવશે. આ પ્રસંગે ગુજરાત વિદ્યાપીઠમાં ઉનાળુ વેકેશન દરમિયાન ચાલતા સ્વપ્રા(જીઉછઁદ્ઘછ-જીકૃહ્લરૈદ્ઘ કૃહ દ્બિર્ષ હ્લં દ્બૈંહિક્ષ છદ્બૈં ફ્રી) પ્રોજેક્ટમાં સહભાગી થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, વિદ્યાપીઠના ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગદ્વારાછસ્ઠના વર્લ્ડ હેરિટેજ સિટી ટ્રસ્ટ સાથે કરવામાં આવેલા રૈં અંતર્ગત સાબરમતી નદીના પૂર્વ કિનારે એલિસબ્રિજ પાસે આવેલા ૨૦ મંદિરોના ઐતિહાસિક સર્વેક્ષણનો રિપોર્ટ ઈતિહાસ અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા રાજ્યપાલશ્રીને સુપરત કરવામાં આવ્યો હતો. આ દીક્ષારંભ કાર્યક્રમમાં ગુજરાત વિદ્યાપીઠનું ટ્રસ્ટી મંડળ, ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ ડૉ.નિખિલ ભટ્ટ તેમજ વિવિધ ફેકલ્ટીના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાહતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028